**એસ.સી.એ. નં.૭૮૩૪/૨૦૧૬ ના નામ. હાઈકોર્ટના Oral Judgment અન્વયે ભાવનગર અને જામનગર મ્યુનિસિપલ કોર્પોરેશન સંચાલિત પ્રાથમિક શાળાઓમાં ચાલતી મધ્યાહન ભોજન યોજનાના કેન્દ્રોના સંચાલનની અક્ષયપાત્ર ફાઉન્ડેશન, બેંગ્લોરને પાંચ વર્ષ લંબાવવાની મુદત રદ કરવા બાબત**

ગુજરાત સરકાર,
શિક્ષણ વિભાગ,
ફાઈલ ક્રમાંક : મભય-૧૦૨૦૧૬-૩૨૬૭૩૨-આર,
સચિવાલય, ગાંધીનગર,
તા. 7/7/2017

**સંદર્ભ :**

(૧) શિક્ષણ વિભાગનો તા.૯-૩-૨૦૧૬ નો ઠરાવ ક્રમાંક : મભય-૧૦૨૦૦૭-૨૧૮-આર

(૨) શિક્ષણ વિભાગનો તા.૯-૩-૨૦૧૬ નો ઠરાવ ક્રમાંક : મભય-૧૦૨૦૧૫-૨૨૫-આર

(૩) કમિશ્નરશ્રી, મધ્યાહન ભોજન યોજનાનો તા.૨૧-૬-૨૦૧૭ નો પત્ર ક્રમાંક : મભય/અમલ/વશી/૬૧૬/૨૦૧૭/૯૨૧૨-૧૫

(૪) નામ. ગુજરાત હાઈકોર્ટની એસ.સી.એ. નં.૭૮૩૪/૨૦૧૬ નું તા.૯-૬-૨૦૧૭ નું Oral Judgment

**ઠરાવ :**

શિક્ષણ વિભાગના સંદર્ભદર્શિત (૧) ઉપરના તા.૯-૩-૨૦૧૬ ના ઠરાવથી ભાવનગર મ્યુનિસિપલ કોર્પોરેશન વિસ્તારની નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ સંચાલિત ૫૬ પ્રાથમિક શાળાઓ તથા રેલ્વે હસ્તકની ૦૧ પ્રાથમિક શાળા મળીને કુલ ૫૭ પ્રાથમિક શાળાઓમાં ચાલતા મધ્યાહન ભોજન યોજનાના કેન્દ્રોનું સંચાલન અક્ષયપાત્ર ફાઉન્ડેશન, બેંગ્લોરને સોંપવાની મુદત એક વર્ષને બદલે પાંચ વર્ષ સુધી લંબાવવામાં આવેલ હતી.

શિક્ષણ વિભાગના સંદર્ભદર્શિત (૨) ઉપરના તા.૯-૩-૨૦૧૬ ના ઠરાવથી જામનગર મ્યુનિસિપલ કોર્પોરેશન વિસ્તારની નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ સંચાલિત ૪૬ તથા ગ્રાન્ટ ઈન એઈડ ૦૮ પ્રાથમિક શાળાઓ મળીને કુલ ૫૪ પ્રાથમિક શાળાઓમાં ચાલતા મધ્યાહન ભોજન યોજનાના કેન્દ્રોનું સંચાલન અક્ષયપાત્ર ફાઉન્ડેશન, બેંગ્લોરને સોંપવાની મુદત એક વર્ષને બદલે પાંચ વર્ષ સુધી લંબાવવામાં આવેલ હતી.



૬૬ ફ્રાઝ્ન
11.7.17
શ્રી પંચાલ

કમિશ્નરશ્રી, મધ્યાહન ભોજન યોજનાના સંદર્ભદર્શિત (૩) ઉપરની દરખાસ્ત ધ્યાને રાખી નામ. ગુજરાત હાઈકોર્ટની એસ.સી.એ. નં.૭૮૩૪/૨૦૧૬ ના તા.૯–૬–૨૦૧૭ ના Oral Judgment મુજબ વિભાગના તા.૯–૩–૨૦૧૬ ના સંદર્ભદર્શિત (૧) અને (૨) ઉપરના ઠરાવો રદ કરવાની બાબત સરકારશ્રીની વિચારણામાં હતી.

પુખ્ત વિચારણાને અંતે ભાવનગર અને જામનગર મ્યુનિસિપલ કોર્પોરેશન વિસ્તારની ઉકત પ્રાથમિક શાળાઓમાં ચાલતા મધ્યાહન ભોજન યોજનાના કેન્દ્રોનું સંચાલન અક્ષયપાત્ર ફાઉન્ડેશન, બેંગ્લોરને એક વર્ષને બદલે પાંચ વર્ષની મુદત લંબાવવામાં આવેલ તે સંદર્ભદર્શિત (૧) અને (૨) ઉપરના ઠરાવો આથી તેની મૂળ અસરથી રદ કરવામાં આવે છે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ ઉપર અગ્ર સચિવશ્રી (શિક્ષણ) ની તા.૬–૭–૨૦૧૭ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે રવાના કરવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(પકેશ ઠાકોર)
ઉપ સચિવ,
શિક્ષણ વિભાગ

પ્રતિ,

- માન. મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ–૧, સચિવાલય, ગાંધીનગર
- માન. મંત્રીશ્રી (શિક્ષણ) ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ–૧, સચિવાલય, ગાંધીનગર
- માન. રા.ક.મંત્રીશ્રી (શિક્ષણ) ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ–૧, સચિવાલય, ગાંધીનગર
- અગ્ર સચિવશ્રી (શિક્ષણ) ના રહસ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- કમિશ્નરશ્રી, મધ્યાહન ભોજન યોજનાની કચેરી, ૧૪/૧, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણની કચેરી, ગાંધીનગર
- ચેરમેનશ્રી, અક્ષયપાત્ર ફાઉન્ડેશન, ડેન્ટલ કોલેજ સામે, મુ. સાંતેજ, તા. કલોલ, જી. ગાંધીનગર–૩૮૨૧૧૫
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત રાજ્ય, અમદાવાદ/ રાજકોટ
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ ગાંધીનગર
- નિવાસી ઓડીટ અધિકારીશ્રી, અમદાવાદ/ ગાંધીનગર
- મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, ભાવનગર/ જામનગર
- નાયબ મ્યુનિસિપલ કમિશ્નરશ્રી (મભોયો), ભાવનગર/ જામનગર
- નાયબ કલેકટરશ્રી (મભોયો), ભાવનગર/ જામનગર
- જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, જિલ્લા પંચાયત, ભાવનગર/ જામનગર
- જિલ્લા તિજોરી અધિકારીશ્રી, ભાવનગર/ જામનગર
- કોમ્પ્યુટર સેલ, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર (વિભાગની વેબસાઈટ ઉપર મુકવા સારુ)
- નાયબ સેકશન અધિકારી સિલેકટ ફાઈલ